# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-04-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

*****************************************************

1. **ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર વેગવંતો બન્યો.**
2. **કેન્દ્રીય કૃષિમંત્રીએ કહ્યું કે કમોસમી વરસાદ અને કરાં પડવાથી ખેડૂતોના પાકને થયેલા નુકસાનની સમીક્ષા કરાશે.**
3. **દેશભરમાં પેટ્રોલ, ડીઝલ અને LPG ની ઉપલબ્ધતા જાળવવા સરકાર તમામ પ્રયાસ કરી રહી છે.**
4. **જો હોર્મુઝ સામુદ્રધૂની દરિયાઈ ટ્રાફિક માટે બંધ રહેશે તો ઈરાનના પાવર પ્લાન્ટ અને પુલો પર હુમલાની અમેરિકાની ચેતવણી.**
5. **IPL ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ચેન્નાઈ સુપર કિંગ વચ્ચે બેંગલુરુમાં મુકાબલો.**

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# WB-CAMPAIGNING-EARLY

ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર વેગવંતો બન્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આજે પશ્ચિમ બંગાળના કૂચ બિહારમાં એક વિશાળ જાહેર સભાને સંબોધિત કરી. શ્રી મોદીએ કહ્યું કે પશ્ચિમ બંગાળના લોકો પરિવર્તન ઇચ્છે છે. તેમણે દાવો કર્યો કે તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) સિન્ડિકેટ રાજ્યમાં ભાજપને વધતા સમર્થનથી ડરી ગઈ છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, કૂચ બિહારમાં ભારે ભીડ સાબિત કરે છે કે પશ્ચિમ બંગાળમાં ટીએમસીનો સમય પૂરો થઈ ગયો છે.

**(BYTE : PM KUCHBIHAR)**

તૃણમૂલ કોંગ્રેસના વડા અને રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જી પક્ષના ઉમેદવારોના સમર્થનમાં પશ્ચિમ બંગાળના વિવિધ ભાગોમાં રેલીઓને સંબોધિત કરી રહ્યા છે. તેમણે ભવાનીપુર વિધાનસભા મતવિસ્તારમાં એક જાહેર સભા યોજી હતી.પૂર્વા બર્ધમાન જિલ્લાના રૈના ખાતે તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અભિષેક બેનર્જીએ ચૂંટણી રેલી યોજી હતી.કોંગ્રેસ અને ડાબેરીઓ અને અન્ય રાજકીય પક્ષો રાજ્યભરમાં નાની જાહેર સભાઓ દ્વારા તેમના પ્રચારને વધુ તીવ્ર બનાવી રહ્યા છે.

# KERALAM-CAMPAIGINING

કેરળમાં વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. ટોચના નેતાઓ મતદારોને આકર્ષવા માટે સમગ્ર રાજ્યનો પ્રવાસ કરી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અમિત શાહે એર્નાકુલમ જિલ્લાના કુન્નાથુનાદ વિધાનસભા ક્ષેત્રમાં એક જાહેર સભાને સંબોધિત કરી. શ્રી શાહે જણાવ્યું હતું કે કેરળમાં આગામી વિધાનસભા ચૂંટણીઓ ફક્ત સરકાર બદલવા વિશે નથી, પરંતુ રાજ્યના ભવિષ્યને સુધારવા વિશે છે

**(BYTE : AMIT SHAH)**

# TRIPURA-CAMPAIGNING

ત્રિપુરામાં યોજાનારી પેટાચૂંટણી પહેલા આજે ધર્મનગર વિધાનસભા મતવિસ્તારમાં પ્રચાર તેજ બન્યો છે, ભારે વરસાદ અને તોફાન છતાં રાજકીય પક્ષોએ પ્રચારમાં વધારો કર્યો છે. ભાજપે તેના ઉમેદવાર જહર ચક્રવર્તીના સમર્થનમાં યોજેલી બાઇક રેલીમાં પક્ષના નેતાઓ અને કાર્યકરોએ ભાગ લીધો હતો.

દરમિયાન, ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) ના અમિતાભ દત્તા અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ચયન ભટ્ટાચાર્ય સહિતના વિપક્ષી ઉમેદવારોએ મતદારો સાથે જોડાવા માટે ઘરે ઘરે જઈને પ્રચાર ચાલુ રાખ્યો હતો.આ અઠવાડિયાના અંતમાં મતદાન માટે તૈયારીઓ વેગ પકડતી હોવાથી મંગળવારે પેટાચૂંટણી માટે પ્રચાર પૂર્ણ થશે.

# SHIVRAJ - CROP DAMAGE

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે કમોસમી વરસાદ અને કરા પડવાથી પ્રભાવિત ખેડૂતોએ ચિંતા કરવાની જરૂર નથી.

તેમણે જણાવ્યું કે સરકાર પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે અને ખેડૂતોને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે સંબંધિત રાજ્યોના કૃષિ મંત્રીઓ સાથે વિગતવાર ચર્ચા કરશે. શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યા પછી જરૂરી પગલાં લેવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# GOVT-WEST ASIA

સરકાર દેશભરમાં પેટ્રોલ, ડીઝલ અને LPG ની ઉપલબ્ધતા જાળવવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. સરકારે નાગરિકોને LPG સિલિન્ડર બુક કરવા માટે ડિજિટલ પદ્ધતિઓનો ઉપયોગ કરવા અને ગેસ વિતરકોની બિનજરૂરી મુલાકાત ટાળવા વિનંતી કરી છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે માહિતી આપી હતી કે ડિલિવરી ઓથેન્ટિકેશન કોડ આધારિત LPG ડિલિવરી ફેબ્રુઆરી 2026 માં 53 ટકાથી વધીને ગઈકાલે 90 ટકા થઈ ગઈ છે જેથી વિતરક સ્તરે ડાયવર્ઝન અટકાવી શકાય.

મંત્રાલયે જણાવ્યું હતું કે ગઈકાલે, 90 હજાર 5 કિલો FTL થી વધુ સિલિન્ડર વેચાયા છે. 5 કિલો FTL સિલિન્ડર નજીકના LPG ડિસ્ટ્રિબ્યુટરશીપ્સ પર ઉપલબ્ધ છે અને કોઈપણ માન્ય ID પુરાવા બતાવીને અને સરનામાના પુરાવા વિના ખરીદી શકાય છે.

શિપિંગ, અને જળમાર્ગ મંત્રાલયે જણાવ્યું હતું કે બધા ભારતીય નાવિકો સુરક્ષિત છે અને છેલ્લા 24 કલાકમાં કોઈપણ ભારતીય ધ્વજવાળા જહાજ સાથે કોઈ મુશ્કેલીનો અહેવાલ નથી.

# KEROSENE DISTRIBUTION IN STATE

**કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત રાજ્યને કુલ એક હજાર 452 કિલોલિટર કેરોસીનની ફાળવણી કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારની સૂચના મુજબ, ગ્રામીણ વિસ્તારોમાં કેરોસીન ડિલર એસોસિએશન તથા ઑઇલ માર્કેટિંગ કંપનીઓ સાથે LPG ઉપરાંત કેરોસીનના વિતરણની વધારાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.**

## (VOICECAST: CHAITALI JOSHI)

*(રાજ્ય સરકાર દ્વારા તમામ જિલ્લામાં 36 કિલોલિટર કેરોસીનની ફાળવણી કરવામાં આવી છે. તેમાંથી ગ્રામ્ય વિસ્તારોમાં પરિવાર-દીઠ પાંચ લિટર અને સંસ્થાઓ-દીઠ 25 લિટર કેરોસીનનું વિતરણ કરાશે. જ્યારે મોટા પરિવાર અને મોટી સંસ્થાઓને પ્રાથમિકતા અપાશે. જોકે, આ કેરોસીનનો ઉપયોગ માત્ર રાંધવા અને પ્રકાશની વ્યવસ્થા માટે કરી શકાશે. દરેક તાલુકામાં એક પેટ્રોલપમ્પ પરથી પણ કેરોસીન વિતરણની વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે જ કેરોસીનનો પ્રતિલિટર ભાવ 61.40થી 66.14 રૂપિયા નિયત કરાયો છે. બીજી તરફ, રાજ્ય સરકાર દ્વારા શ્રમિકો માટે LPG અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રમ અને રોજગાર વિભાગ, ઉદ્યોગ વિભાગ તેમજ ઉદ્યોગો સાથે સંકલન કરીને જરૂરિયાત મુજબ, શ્રમિકોને LPGના પાંચ કિલોના બાટલા અપાશે. ચૈતાલી જોશી, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)*

# PREZ TRUMP-IRAN

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આજે ચેતવણી આપી છે કે જો હોર્મુઝ સ્ટ્રેટ દરિયાઈ ટ્રાફિક માટે બંધ રહેશે તો તેઓ મંગળવારે ઈરાનના પાવર પ્લાન્ટ અને પુલો પર હુમલો કરશે., રાષ્ટ્રપતિ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા સંદેશમાં ચેતવણી આપી હતી કે જો જળમાર્ગ ખોલવામાં નહીં આવે તો ઈરાન નરકમાં જીવશે.

દરમિયાન, ઈરાનની સેનાએ દાવો કર્યો હતો કે તેણે આજે દક્ષિણ ઇસ્ફહાન નજીક અનેક યુએસ વિમાનોને તોડી પાડ્યા હતા, એક અમેરિકન ફાઇટર જેટને તોડી પાડ્યા બાદ ગુમ થયેલા ક્રૂ મેમ્બરના બચાવ પ્રયાસ દરમિયાન. ખાતમ અલ-અંબિયા સેન્ટ્રલ હેડક્વાર્ટરના પ્રવક્તાએ જણાવ્યું હતું કે સ્થાનિક કાયદા અમલીકરણના સમર્થનથી ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) અને બાસીજ દળો દ્વારા કરવામાં આવેલા ઓપરેશનમાં બે બ્લેક હોક હેલિકોપ્ટર અને એક C-130 લશ્કરી પરિવહન વિમાનનો નાશ કરવામાં આવ્યો હતો.

આ પહેલા, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે તોડી પાડવામાં આવેલા F-15 વિમાનના ગુમ થયેલા ક્રૂ મેમ્બરને સફળતાપૂર્વક બચાવી લેવામાં આવ્યો છે. શ્રી ટ્રમ્પે આ મિશનને સૌથી હિંમતવાન, શોધ અને બચાવ કામગીરીમાંનું એક ગણાવ્યું હતું અને કહ્યું હતું કે ઘાયલ ક્રૂ મેમ્બર સ્વસ્થ થવાની અપેક્ષા છે.

# IPL

IPL ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ચેન્નાઈ સુપર કિંગ વચ્ચે હાલ બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે મેચ રમાઈ રહી છે ચેન્નાઈ સુપર કિંગે ટોસ જીતી ફિલ્ડિંગ પસંદ કરી છે . છેલ્લા અહેવાલ મુજબ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ 5 ઓવર માં 1 વિકેટે 43 રન બનાવ્યા છે

બીજી મેચમાં, સનરાઇઝર્સ હૈદરાબાદે હૈદરાબાદમાં લખનૌ સુપર જાયન્ટ્સ માટે 157 રનનો લક્ષ્યાંક આપ્યો હતો જવાબમાં, લખનૌ સુપર જાયન્ટ્સે નિર્ધારિત ઓવરમા 5 વિકેટે 160 રન બનાવી જીત હાંસિલ કરી છે અગાઉ, બેટિંગમાં ઉતરતા, સનરાઇઝર્સ હૈદરાબાદે તેમના નિર્ધારિત 20 ઓવરમાં નવ વિકેટ ગુમાવીને 156 રન બનાવ્યા હતા

# EC-SEIZURES

ચૂંટણી પંચે જણાવ્યું છે કે આગામી વિધાનસભા ચૂંટણી અને પેટાચૂંટણીઓ પહેલા અનેક રાજ્યોમાં રોકડ, દારૂ, ડ્રગ્સ અને અન્ય પ્રલોભનો સંબંધિત જપ્તીઓ 650 કરોડ રૂપિયાથી વધુ છે. ચૂંટણી પંચે એક નિવેદનમાં જણાવ્યું,રાજ્યવાર ડેટા દર્શાવે છે કે પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ 319 કરોડ રૂપિયા , તમિલનાડુમાં 170 કરોડ રૂપિયા , આસામમાં 97 કરોડરૂપિયા , કેરળમાં 58 કરોડરૂપિયા અને પુડુચેરીમાં 7 કરોડરૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે.

ફરિયાદોનો તાત્કાલિક જવાબ આપવા માટે 5,100 થી વધુ નિરીક્ષણ ટીમો તૈનાત કરવામાં આવી છે, અને તેમને 100 મિનિટની અંદર કાર્યવાહી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. વધુમાં, મુખ્ય સ્થળોએ અચાનક તપાસ કરવા માટે 5,200 થી વધુ સર્વેલન્સ ટીમોની રચના કરવામાં આવી છે.

પંચે એ પણ ભાર મૂક્યો છે કે અમલીકરણ અધિકારીઓએ તપાસ અનેનિરીક્ષણ દરમિયાન સામાન્ય નાગરિકોને હેરાન કે પરેશાન ન કરવા જોઈએ.